જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૧૪ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૯૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી ૫૩ લીટર દેશી દારૂ, ૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૭ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧૫,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૯૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશીશ :-** **સમાચાર યાદી નં. ૩૦૯૨/૧૪**

**સરદારનગર :** કિશનભાઇ ખુબચંદભાઇ કોરાણી (રહે.ભોલેનાથ બંગ્લોઝ, ભાટ ગામ, ઇન્દીરાબ્રીજ પાસે, સરદારનગર) એ એપોલો હોસ્પીટલ ખાતે સરદારનગર પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૧૪ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે સરદારનગર રવિરામ દરબારની ગલીમાં આરોપી વિજ્જુ બોડી સિંધી (જેના સરનામાની ખબર નથી) એ કિશનભાઇ નું એક્ટિવા ઉભુ રખાવી “તુ કીશુ કસાઇને કેમ મારા વિરૂધ્ધ મદદ કરે છે? તેમ કહી ઝઘડો કરી એક ધારદાર ચપ્પુથી કિશનભાઇ ઉપર જીવલેણ હુમલો કરી, કિશનભાઇનાં કાનથી હોઠ સુધી ઉંડો ઘા કરી ઇજા પહોંચાડી, જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં. ૩૦૯૩/૧૪**

**શહેરકોટડાઃ** શહેરકોટડા વિસ્તારમાં રહેતી ૫૩ વર્ષની સ્ત્રીએ તા.૨૦/૧૨/૧૪ ના રોજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દોઢથી બે વર્ષ પહેલા આરોપી નીતીનભાઈ જવેરભાઈ પાટડીયા (ઉ.વ.૫૨) (રહે.સમ્રાટનગર ઈસનપુર) એ આ સ્ત્રીના ઘરે જઈ સ્ત્રીની મરજી વિરૂધ્ધ જાનથી મારી નાખવાની ધમકી આપી શરીર સંબંધ બાંધ્યો હતો. તેમજ વિડીયો ક્લીપ ઉતારી અગાઉ આ સ્ત્રી જોડેથી લીધેલ રૂપિયા પરત નહી માંગવા, નહીતર ક્લીપ ફરતી કરવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે વી ડીંડોર ચલાવે છે.

**અપહરણ :-** **સમાચાર યાદી નં. ૩૦૯૪/૧૪**

**કારંજ :** મુનાવરહુસેન સુલતાન સિંધી (રહે. બાગે મસિરા સોસાયટી, વિભાગ-૧, અંબર ટાવર પાસે, ગ્યાસપુર, સરખેજ) એ તા.૨૦/૧૨/૧૪ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૪ સાંજનાં ૫/૦૦ વાગ્યાના સુમારે કારંજ જી.પી.ઓ.સામે આવેલ સુલ્તાન અહેમદ મુસ્લીમ યતીમખાનામાંથી એક યતીમ છોકરો સોએબ સલીમ શેખ (ઉ.વ.૧૦) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.પાંડોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં. ૩૦૯૫/૧૪**

**ઇસનપુર :** ધનંજય અરવિંદબહાદુર સીંગ (રહે.આકૃતિ ટાઉનશીપ, કલાપી હોટલની પાછળ, નારોલ) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૧૪ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે નારોલ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ ખાતે બસમાં ચઢતાં હતા દરમ્યાન કોઇ અજાણી સ્ત્રી (૩૦ વર્ષના આશરાની) ધનંજયભાઇની નજર ચુકવી તેમનાં પેન્ટનાં ખિસ્સામાં મુકેલ રૂપિયા ૪૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સિટીઃ** નિપાબહેન ચેતનભાઈ શાહ (રહે.અવનીરો હાઉસ માનસી ચાર રસ્તા પાસે સેટેલાઈટ) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૧૪ કલાક ૮/૧૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન આઈ આઈ એમ પાંજરાપોળ જવાના રોડ પર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી રોકડ રૂપિયા ૯૭,૨૦૦/- અને ચાંદીનો સેક્કો મળી કુલ રૂપિયા ૯૭,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એ ડામોર ચલાવે છે.

**વેજલપુરઃ** બાબુભાઈ સગરામભાઈઉગરેજ (રહે.અશોક સ્તંભ ધાટપુરે ધાટ ગોદાવરીનગર નાસીક (મહારાષ્ટ્ર)) એ તા.૨૦/૧૨/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૨/૧૪ કલાક ૭/૦૦ વાગે સફેદ રંગની ગાડીમાં બેસી પાલડીથી વાસણા વિશાલા ટી સુધીની મુસાફરી કરી હતી. દરમ્યાન ગાડીના ચાલક અને ક્લીનરે બાબુભાઈની નજર ચુકવી થેલામાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૦,૮૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ વેજલપુર પોલીસ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં. ૩૦૯૬/૧૪**

**રામોલઃ** લલીતભાઈ કાળીદાસ પટેલ (ઉ.વ.૨૯)(રહે.શ્રી એક્ઝેટીકા એપાર્ટમેન્ટ ન્યુ આરટીઓ વસ્ત્રાલ) તા.૧૯/૧૨/૧૪ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નીજાનંદ પાર્ક સોસાયટી સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક્ટીવા નંબર જીજે ૨૭ એલ ૧૮૯૫ ના ચાલક વિનોદભાઈ શંકરભાઈ પંચાલ (રહે.કર્ણાવતી ટેનામેન્ટ વસ્ત્રાલ) એ સ્કૂટર બેદરકારીથી અને પુરઝડપે ચલાવી લલીતભાઈના મોટર સાયકલને ટક્કર મારતા લલીતભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં રાતના ૧૨/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ ચિરાગભાઈ ઉજમસીભાઈ પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એ પંડયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.